# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/313 Dt. 27/01/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી

## ચેમ્બરના હોદ્દેદારો અને ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓએ પદ્મશ્રી એવોર્ડ મેળવનાર ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ડોનેટ લાઇફના સ્થાપક શ્રી નિલેશ માંડલેવાલાનું સન્માન કર્યું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૭૭મા પ્રજાસત્તાક દિવસના અવસર પર સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ધ્વજવંદન સમારોહ યોજાયો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ઉપસ્થિત ચેમ્બરના હોદ્દેદારો, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ, ગૃપ ચેરમેનો, મેનેજિંગ કમિટીના સભ્યો, લેડીઝ વીંગ અને વુમન આંત્રપ્રિન્યોર સેલના સભ્યો, ચેમ્બરના સભ્યો, એકિઝબિટર્સ, વિઝિટર્સ તેમજ સ્ટાફ કર્મચારીઓ સહિત દેશના તમામ નાગરિકોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ધ્વજવંદન સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની બધાને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા આપી હતી.

આ પ્રસંગે ઝિમ્બાબ્વેના ઉદ્યોગ અને વાણિજ્યના ડેપ્યુટી મિનિસ્ટર શ્રી રાજ મોદી, બોત્સ્વાના, ઘાના, અફઘાનિસ્તાન અને ઇથોપિયા વિગેરે દેશોના મહેમાનો ઉપસ્થિત રહયા હતા.

પદ્મશ્રી એવોર્ડ મેળવી સમગ્ર દેશમાં સુરતનું નામ રોશન કરનાર ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ડોનેટ લાઇફના સ્થાપક શ્રી નિલેશ માંડલેવાલાનું સન્માન કરવામાં આવ્યું હતું. ચેમ્બરના હોદ્દેદારો અને પૂર્વ પ્રમુખશ્રીઓએ શ્રી નિલેશભાઇને અભિનંદન આપ્યા હતા.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા પૂર્વ પ્રમુખશ્રીઓ, ચેમ્બરના સભ્યો અને સ્ટાફ કર્મચારીઓએ એકબીજાને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવી હતી.